॥ શ્રી કોટચર્ક પ્રસોન્તુ ॥



॥ શ્રી મહાપ્રભુજી ॥



॥ શ્રી શ્રીનાથજી ॥



॥ શ્રી યમુનાજી ॥

# નડિયાદ ખડાયતા સમાજ (વડોદરા)


નોંધણી નં. : એ/૩૦૮૦/વડોદરા સાર્વજનિક ટ્રસ્ટ

તા. ૨૫/૦૮/૨૦૦૮


# "નડિયાદ ખડાયતા ઉદય"

## E - MAGAZINE


વર્ષ : ૧, અંક ૨, નવેમ્બર ૨૦૨૨









**PRESIDENT**

**Mitesh Shah**

12, Sthaptya Bunglows,
B/h. Taksh Complex, Vasna Road,
Vadodara - 390 015. **M : 82007 43285**

**SECRETARY**

**Archin Shah**

Flat No. : A/401, Sharnam Green,
B/h. Siddheshwar Paradice,
Harni, Vadodara. **M : 98981 81370**



રજીસ્ટર્ડ ઓફિસ : ૨૫, જય નગર સોસાયટી, આર. વી. દેસાઇ રોડ, વડોદરા.

www.nadiadkhadayatasamajvadodara.in

# પ્રમુખશ્રી નો સંદેશ



પરિવર્તનના પવન ને ફૂંકાવા પાછળનો એક હેતુ હોય છે... સમાજ માં નવો પ્રાણ ફૂંકવા.... પરિવર્તન સંસાર અને પ્રકૃતિનો નિયમ છે. બદલાવ દુનિયાનો ક્રમ છે અને બદલાવ સાથે વહેતા રહી પ્રગતિ સાધવાનાં શુભ આશય સાથે નડિયાદ ખડાયતા સામજ વડોદરા એકમને પણ નવી ફસલને ધૂરા સંભાળવાની તક પૂરી પાડી છે અને યુવા સમિતિ સભ્યોએ ઝળહળતું પરિણામ આપી આપણા સૌના નડિયાદ ખડાયતા સમાજ, વડોદરાને એક નવી ઊંચાઇ પર લાવી મૂક્યું. જ્ઞાતિ મિત્રો આપણે સૌ જાણીએ જ છીએ. નડિયાદ ખડાયતા સમાજની સ્થાપના ૦૭–૦૫–૧૯૭૯ માં એકબીજાને મદદરૂપ થઇ શકે એવા ઉમદા આશયથી કરવામાં આવી હતી. ત્યાંથી એક ડગલું આગળ વધી સમાજને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવાનાં હેતુથી સમાજના મોભીઓએ તા. ૨૫–૦૮–૨૦૦૮ ના રોજ નડિયાદ ખડાયતા સમાજ, વડોદરા નાં નામથી ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી. બદલાવની પંરપરાને થોડી ઝડપી ગતિ આપતાં ઇ. સ. ૨૦૨૨ માં સમાજના ટ્રસ્ટી મંડળ અને પૂર્વ પ્રમુખશ્રીઓ તરફથી સમાજનો કારભાર અને ભાગદોડ સમાજના યુવાઓને આપવાનો ઉમદા નિર્ણય કરવામાં આવ્યો. ૨૦૨૨ ના વર્ષમાં આપ સૌના સાથ અને સહકારથી આપણે તત્પરતાથી નવા સભ્યોનો નડિયાદ ખડાયતા સમાજ માં સમાવિષ્ટ કર્યા અને સમાજનાં કાયમી ભંડોળમાં પણ ધરખમ વધારો ક્ર્યો અને આ બધું જ જુજ મહિનાઓના સમયગાળામાં જ કરી શક્યા એની એનેરી ખુશી છે. આપ સૌને યાદ કરાવતાં હર્ષ અનુભવું છું કે નડિયાદ ખડાયતા સમાજ વડોદરા સમિતિએ વર્ષ ૨૦૨૨ માં યુવા જોશથી ભરપુર ઘણી બધી પ્રવૃત્તિઓ સફળતા પૂર્વક પાર પાડી, જેમ કે ઓચ્છવનું સુંદર આયોજન અને એ પણ સુમૂધુર સંગીતસંધ્યાના સથવારે, જ્ઞાતિજનની પ્રતિભાઓ પ્રોત્સાહન આપે એવો ટેલેન્ટ હંટ કાર્યક્રમ, તેમજ કંઇક નવુ કરી બતાવવાની ધગશ સાથે પ્રથમ વખત પુરૂષ તેમજ સ્ત્રીઓ માટે નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ નું પ્રેસીડન્સી ક્લબ ખાતે સફળ આયોજન. વળી જ્ઞાતિબંધુઓનાં સ્વાસ્થની જાળવણી માટે નિઃશુલ્ક ઓનલાઇન યોગા ક્લાસ. સમાજના વિચારોને વાચા આપતું ડિજિટલ મેગેઝીન ''નડિયાદ ખડાયતા ઉદય'', નડિયાદ ખડાયતા સમાજની વેબસાઇટ, સંસ્થાનો નવો લોગો અને આગવી ડિઝાઇનનું લેટર પેડ જેના થકી સમાજની આગવી ઓળખ ઊભી થઇ શકે. સમાજના પ્રતિભાશાળી લોકોને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી પોતાના ક્ષેત્રમાં આગવી ઓળખ અને નામ કરનાર માટે સમાજ તરફથી ખાસ ઇનામો અને એવું ઘણું બધું, અને મારા સ્નેહી જ્ઞાતિમિત્રો આવનારા સમયમાં સમાજની કમિટી તરફથી નક્કી કરવામાં આવેલ ઘણા બધા એવા કાર્યક્રમ જેમાં મોજ થઇ જશે... જેમ કે આર્ટ અને ક્રાફ્ટ ના વર્કશોપ, સમાજની પિકનિક અને બિઝનેસ મીટ અને એવું ઘણું....

અડધા ભરેલા ગ્લાસ ને બે રીતે જોઇ શકાય છે... જે અડધો ખાલી જોશે અને અધૂરપ નો ભાવ આવશે અને જે અડધો ભરેલો જોશે તેને પ્રાપ્તિ થયા નો આનંદ મળશે... તો સૌ જોડાય જાવ બહોળી સંખ્યામાં. નડિયાદ ખડાયતા સમાજનાં હિતનું સંવર્ધન કરવાનો જોશ મારા રૂંવે રૂંવે વ્યાપેલ છે, આપણે એ દિશામાં આગળ ધપી રહ્યા છીએ, પણ હજું ઘણું કરવાની હોંશ છે અને જેમ મેં અગાઉ કહ્યું તેમ આ બદલાવને પરિવર્તનને યુવાઓને નવી નજર, નવા નજરીયાથી અને ઉમળકાથી વધાવી હરણફાળ ભરવાનાં મક્કમ નિર્ધારમાં આપ સૌનો સાથ સૌનો હાથ હરહંમેશા મળ્યો છે અને આગળ મળતો જ રહે એવી અભ્યર્થના સાથે વિરમું છું

**આપનો જ**
**મિતેષ શાહ**
પ્રમુખ, નડિયાદ ખડાયતા સમાજ

HARNI-SAMA LINK ROAD

# पंचामृत Residency ...

A perfect blend of luxury & serenity

READY FOR POSSESSION

## 2 & 3 BHK SPACIOUS FLATS



Terms and Conditions Apply*

## FESTIVAL OFFER



**Free Gold Coin**
on Every Booking

GET A **FREE**

R.O. | KITCHEN CHIMNEY | ELECTRIC GEYSER

A PROJECT BY
**JAI AMBE DEVELOPERS**
**MAA DURGA DEVELOPERS**

FOR SITE VISIT CONTACT
**+91 80063 14000**

MARKETED BY
**THE MARWADI**
INFRA SALES

NEAR AMBE SCHOOL, B/H SHRAVAN GREEN, HARNI-SAMA LINK ROAD, VADODARA

# તંત્રીની કલમે...

જય શ્રી કૃષ્ણ મિત્રો !

નડિયાદ ખડાયતા ઉદય નો આ બીજો વેબ મેગેઝિન અંક જ્યારે આપના મોબાઈલમાં આવશે ત્યારે તહેવારોની મોસમ ખીલી હશે અને નવરાત્રિના ઢોલ પણ શમી ગયા હશે ! ભક્તિભાવથી ભરપૂર ચાતુર્માસનો સમય પણ પૂર્ણતાના આરે છે. અંગ્રેજી કેલેન્ડર વર્ષ, હિન્દુ વિક્રમ સંવત વર્ષ, ઋતુઓ અને એ અનુસાર દિનચર્યા, તહેવારો અને એ સાથે ખોરાક અને વિશેષ વાનગીઓનું સેવન એ આપણી ધાર્મિક રૂઢિઓની સાથે શરીર સ્વાસ્થ્યને અનુલક્ષીને ગૂંથી લેવાયા છે એ આ તહેવારોની મોસમ યાદ કરાવે છે. પ્રવર્તમાન કપરા સમયમાં આપણા મૂળભૂત સનાતન હિન્દુ ધર્મની સંસ્કૃતિ અને તે અંગેની જાગૃતિ અને આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ અંગેની સમજ, આપણા સૌ – અબાલવૃદ્ધ માટે ખૂબ જરૂરી છે. વળી, આપણી યુવાપેઢીને તથા બાળકોને તેમાં રસપ્રદ રીતે સાંકળીને, આવનાર પેઢીને આ વારસો ઉત્તમ રીતે સોંપવા માટે આપણે કટિબદ્ધ છીએ. તેને અનુલક્ષીને, આ અંકમાં આપણા પ્રાચીન યોગશાસ્ત્ર પર એક લેખ, બે કવિતા તેમજ તાલીમ – communication જેવા વિષયોને આવરી લેતા લેખોનો સમાવેશ કર્યો છે. વળી, આ અંકથી એક નવતર શ્રેણી Generations' talk માં બે પેઢી–દાદા અને પૌત્ર વચ્ચેના સંવાદ મારફતે આપણી સંસ્કૃતિનો સરળ ભાષામાં લોકભોગ્ય રીતે પરિચય કરાવવાનો એક પ્રયાસ કર્યો છે.

"નડિયાદ ખડાયતા ઉદય" ના આ વેબ મેગેઝિનને સૌ – બાળકો, યુવાનો અને અનુભવ સમૃદ્ધ એવી આપણી માર્ગદર્શક પેઢી – માટે રસપ્રદ બનાવવાના પ્રયત્નોમાં આપ સૌના લેખો, સૂચનો અને પ્રતિભાવની સતત અપેક્ષા રહેશે. આપના પ્રોત્સાહક પ્રતિભાવો માટે ફોન અને સંદેશા મળતા રહે છે જે અમારું પ્રેરકબળ છે. અને હા, આપણી ખડાયતા જ્ઞાતિ વ્યવસાયિક રીતે સમૃદ્ધ છે. વિવિધ પ્રકારના પ્રવૃત્ત એવા સૌ બિઝનેસમેન–વીમેન, વિવિધ પ્રકારના સેવાલક્ષી વ્યવસાયમાં પ્રવૃત્ત એવા સૌ જ્ઞાતિજનો માટે આ વેબમેગેઝિન – ડિજિટલ માધ્યમનો સેતુ તરીકે ઉપયોગ કરી પરસ્પર વ્યાવસાયિક નિકટતા કેળવી શકાય તેમ છે. આ સેતુને વધુ મજબુત બનાવવા આપ સૌ તરફથી સતત જાહેરાતો મળતી રહે એવી સૌને અપીલ. વળી, આપના તરફથી શુભેચ્છા સંદેશ તરીકે પણ પેજ પરના 'જય શ્રી કૃષ્ણ' માટે પણ સહુને વિનંતિ છે. આપ સૌ સતત જ્ઞાતિની પ્રવૃત્તિઓમાં અને ઉજવણીઓમાં સતત ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમોને ખૂબ સફળ બનાવતા રહો છો એ માટે સહુનો આભાર અને અભિનંદન !

આ વેબમેગેઝિનના અંકમાં આપને શું ગમ્યું અને લેખો વિશે આપના પ્રતિભાવ – રચનાત્મક સૂચનો હંમેશા આવકાર્ય છે.

સૌને જયશ્રી કૃષ્ણ તથા જય કોટયર્ક !

આપનો સહૃદયી,

**રાજેન્દ્ર રસિકલાલ શાહ 'સ્વપ્નિલ'**

તંત્રી, નડીયાદ ખડાયતા ઉદય

M : 99099 22398

# LADIES WING 2022



**Dimple Shah,** *Chair Person*

## Committee members



**Priti Shah**



**Jalpa Shah**



**Pinky Shah**



**Roshani Shah**



**Krupa Shah**



**Dhruvi Parikh**

# બ્રહ્મસંબંધ

વૈષ્ણવોની દ્વિતિય દીક્ષા એટલે બ્રહ્મસંબંધ, જે આપણે અગાઉના અંકમાં જોયુ. રસરૂપ શ્રીપ્રભુની સેવા થકી જીવમાં જે આનંદનો અંશ તિરોધાન થયેલો છે કે પુનઃ પ્રાપ્ત થાય છે. એટલે કે આપણા ઠાકોરજીની સેવા એ જ આપણું કર્તવ્ય બને છે. હવે આગળ આપણે જેની સાથે સંબંધ કરવાનો છે તે બ્રહ્મ વિશે થોડુંક જાણીશું.

આજના સમયે બ્રહ્મસંબંધ ખુબ જ જીજ્ઞાસાપ્રેરક છે. તેમાં પણ જે વિદ્વાન છે, ભણતરયુક્ત છે, તેને જરૂર પ્રશ્ન થાય કે ક્યા બ્રહ્મ સાથે સંબંધ જોડવાનો છે (અલગ અગલ ઉપનિષદમાં બ્રહ્મ વિશે અલગ અલગ જણાવ્યુ છે. ) જેમ કે બ્રહ્મ એટલે :

अन्नं ब्रह्मोति व्यजानात् અથવા ओमिति ब्रह्म ।

અથવા सर्वं खल्विदं ब्रह्मम् અથવા ब्रह्म वेदं सर्वम् ।

અથવા ''यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत् प्रयन्त्यभिसंविशन्ति ।

तद्विजिज्ञासस्व । तद् ब्रह्मेति ।। - तैत्तिरीयोपनिषत् ३-१-३''

અથવા ''ભગવતે કૃષ્ણાય ગોપીજનવલ્લભાય – મત્વા કૃષ્ણમ્ પરમ્ બ્રહ્મ પાર્થઃ પરમ વિસ્મિત'' પરંતુ પુષ્ટિમાર્ગમાં બ્રહ્મ એટલે.....

परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकं बृहत् ।

द्विरुपम तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ।।

(सिद्धांत मुक्तावली - ३ )

ઉપનિષદ વર્ણિત બ્રહ્મ એટલે સત, ચિત્ત અને આનંદનું ઉદ્ભવ સ્થાન કે જે ''સચ્ચિદાનંદ'' સ્વરૂપ છે. પુષ્ટિમાર્ગમાં તે જ પ્રમાણે શ્રીકૃષ્ણ યશોદોત્સંગ લાલિત, શ્રી ગોપીજન વલ્લભ, ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ એમ સત્–ચિત્ત–આનંદ એમ ત્રણેય ધર્મ ધરાવે છે. તે જ બ્રહ્મ સાથેનો સંબંધ એટલે આપણો બ્રહ્મસંબંધ. આ સંબંધ અક્ષરબ્રહ્મ સાથે પણ કરાવવામાં આવતો નથી, પરંતુ અક્ષરાતીત પૂર્ણતમ પુરૂષોત્તમ પરબ્રહ્મ સાથે કરાવવામાં આવે છે.

મહાપ્રભુશ્રી આચાર્યજીને યમુનાજીને કિનારે ગોવિંદ ઘાટ પર સાક્ષાત શ્રીનાથજીએ (ભગવાન શ્રીકૃષ્ણ) પ્રકટ થઈને દુઃખી અને દોષિત જીવોના ઉદ્ધાર કરવા માટે બ્રહ્મ સંબંધ કરાવવા માટે આજ્ઞા કરી.

श्रावण स्यामले पक्षे एकादश्यं महानिशि ।

साक्षात भगवता प्रोक्तां तदक्षरश उच्यते ।।१।।

ब्रह्म संबंध करणात सर्वोषां देह जीवयोः ।।

सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचः विघाः स्मृताः ।।२।।

શ્રાવણ વદ એકાદશીની મહારાત્રિએ સાક્ષાત ભગવાને જે અક્ષરોનું ઉચ્ચારણ કર્યું હતું તે બ્રહ્મસંબંધ મંત્ર છે, જે દ્વારા આજે પણ કુળ પરમ્પરાથી બ્રહ્મસમ્બંધ અપાય છે. સંપ્રદાયની મર્યાદા અનુસાર આ ગદ્ય મંત્ર વલ્લભકુળની ગુરૂ પરંપરા અનુસાર જ મેળવવો જોઈએ. મંત્ર ગુપ્ત હોય છે અને જ્યાં સુધી તે ગુપ્ત રહે ત્યાં સુધી જ સિદ્ધિ (સફળતા) પ્રાપ્ત થાય છે એમ આચાર્ય પરંપરા કહે છે. જીવને પ્રભુની શરણાગતિ માટે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ જણાવેલ છે :

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं प्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।१८.६६।।
(સર્વ ધર્મોનો પરિત્યાગ કરી તું ફક્ત મારા જ શરણે આવ,
હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ. શોક નહિ કર. )

બ્રહ્મસંબંધ મંત્રની દિક્ષા સૌ પ્રથમ શ્રીદામોદરદાસ હરસાનીજીને આપવામાં આવેલ. મંત્રદીક્ષા પ્રાપ્ત થવાને કારણે શ્રી આચાર્યજીએ દમલાજી પાસે કેસરનુ પવિત્રુ સિદ્ધ કરાવેલ અને મીસરી સાથે શ્રી ઠાકોરજીએ અંગીકાર કરાવેલ. આજે શ્રાવણ વદ દ્વાદશીને પવિત્રા બારશ તરીકે ઓળખવામાં આવે છે.

આપણને વૈષ્ણવ કુટુંબમાં જન્મ મળ્યો છે, શ્રીપ્રભુની પુષ્ટિ માટે આપણું વરણ થયેલ છે એન માની આપણે બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરી પુષ્ટિ પરમ્પરા આગળ વધારી આપણું કર્તવ્ય બજાવવુ જોઈએ.

**જય શ્રીકૃષ્ણ**

**અરુણ શાહ (મો) ૯૯૭૯૮ ૫૧૨૨૯**




SuperPower Batteries
Vadodara
Call 85115 97157 / 93762 10334
LIVFAST
BETTER BATTERY
for the best journey
Inverters, Inverter
Batteries ,Solar Batteries,
automotive Batteries
LIVFAST
maxximo
MXTT 2660
TALL TUBULAR BATTERY
LIVFAST
DURO Edge
LIVFAST
ORDER NOW
Authorised Distributor for
Vadodara,
Kheda,Panchmahal


PROUDLY MADE IN INDIA
શું મિત્રો તમારે પાણીની બચત કરવી છે.
Bharat Photon®
where sensors mean India
INDIAN SENSOR FOR URINALS/ WC, FAUCETS &
HAND DRYERS & PREMIUM HYGENIC ACCESSORIE
Ceramic Gallery
SINCE 1993
DC
AC
AC/DC
Bp-f062 Basin Mounted Sensor Faucet
Bp-f252 For Table Top Bowl Type Basin
Bp-f001 Ceiling Mount Sensor Faucet Hidden Sensor at Faucet Mouth
Bp-f171 Wall Mounted Sensor Faucet
BP-F192 Wall Mounted Sensor Faucet
BP-F302 Basin/table Top Mounted Sensor Faucet
Washbuoy Economical Sensor Faucet
Flushbuoy Battery Operated Urinal Sensor
Bp-u105 Electrical Concealed Urinal Flusher
Bp-HSA222 Wall Mounted Automatic Soap/Sanitizer Dispenser
Sanitizer Dispenser
Adjustable Sensing Range & Liquid Volume
Bp-hdm-304 S.S. Finish
CONTACT
Showroom :
Meghdhanush Complex, Race Course, Vadodara - 390007.
+91 265 2331523 +91 98244 33361, 97123 31523
ceramicgallery16@yahoo.com www.ceramicgallery.net
Follow us on :

# યોગ વિશે સંક્ષિપ્ત માહિતી

યોગ શબ્દ સંસ્કૃત માં ''युज्'' ધાતુ પરથી આવેલો છે, જેનો મતલબ જોડાવું તેવો થાય છે. એટલે કે શરીરને શ્વાસ દ્વારા મનથી જોડવું. યોગ પ્રાચીન ભારતીય ઋષિઓ દ્વારા આપેલી એક ઉત્તમ પરંપરા છે. યોગ નો પ્રમુખ ઉદ્દેશ આપણા મન, બુદ્ધિ અને ભાવનાઓ અનુશાસિત કરવાનો છે. યોગના રચયિતા મહર્ષિ પતંજલિ છે. યોગસાધના નો હેતુ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક છે. યોગશાસ્ત્રના મુખ્યત્વે ચાર પ્રકાર છે. ૧) લય યોગ ૨) મંત્ર યોગ ૩) હઠ યોગ અને ૪) રાજયોગ.
આજકાલ આપણે જે યોગ જોઈ રહ્યા છે અથવા તો યોગાસન નો અભ્યાસ કરીએ છીએ તેમાના મોટાભાગે હઠયોગ અંતર્ગત આવે છે. યોગના અન્ય પ્રકારમાં કર્મ યોગ, જ્ઞાન યોગ, ભક્તિ યોગ વિગેરે છે. મહર્ષિ પતંજલિ દ્વારા બતાવેલ અષ્ટાંગ યોગમાં આઠ ચરણ આ પ્રમાણે આવેલા છે.

૧). યમ ૨). નિયમ ૩). આસન ૪). પ્રાણાયામ ૫). પ્રત્યાહાર ૬). ધારણા ૭). ધ્યાન અને ૮). સમાધિ

જેમ યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર બહિરંગ છે જ્યારે ધારણા, ધ્યાન અને સમાધિ અંતરંગ છે.આસનની વ્યાખ્યા पातंजलयोगसूत्र २-४६ માં બતાવ્યા મુજબ ''स्थिरसुखमासनम्'' અર્થાત સ્થિર ભાવથી સુખપૂર્વક બેસવું એવો થાય છે. આસન નું લક્ષ્ય આ પ્રમાણે છે.
૧). શરીરની સ્થિરતા, દ્રઢતા અને નિરોગીતા મેળવવી ૨). શરીરનું લચીલાપણું અને લવચિકતા પામવી ૩). શરીરમાં શક્તિ અને વિશ્રામ ની પ્રાપ્તિ મેળવવી તથા ૪). શરીર અને મનનો તાલમેલ પ્રાપ્ત કરવો.

આસનનું વર્ગીકરણ આ પ્રમાણે છે ૧). ધ્યાનલક્ષી : પદ્માસન, વજ્રાસન, સિદ્ધાસન વિ. ૨). આરામલક્ષી : શવાસન, મકર આસન, બાલકાસન અને ૩). સ્વાસ્થ્યલક્ષી : મોટાભાગના આસન સ્વાસ્થ્ય પામવા માટે આ વર્ગ માં આવે છે.
સ્વાસ્થ્યવર્ધક આસન : બેસીને કરવાના, સીધા સુઇને કરવાના, ઉલટા સુઇને કરવાના, ઉભા ઉભા કરવાના, આગળ ઝૂકીને કરવાના, બાજુ પર ઝૂકીને કરવાના, વક્ર સ્થિતિના તેમજ વિપરીત કરણી એવા અલગ અલગ વર્ગીકરણ છે.

**આસનોના નામમાં ઉત્ક્રાંતિનો સિદ્ધાંત :**

આસન ના નામ જેવી રીતે સૃષ્ટિ ની ઉત્ક્રાંતિ થઇ તેવી રીતે રાખવામાં આવેલા છે, જેમ કે : વનસ્પતિના નામ પરથી પદ્માસન, વૃક્ષાસન, તાડાસન વિગેરે જંતુ ના નામ પરથી શલભ આસન, વૃશ્ચિક આસન, જળચર પ્રાણીઓના નામ પરથી મત્સ્યાસન, કુર્માસન, મંડુક આસન, મકર આસન, ખગોચર પ્રાણીઓ પરથી કૂકકૂટ આસન, મયુર આસન, બકાસન; સરિસૃપ વર્ગના પ્રાણીઓ પરથી સર્પાસન, ભુજંગાસન, ચાર પગા પ્રાણીઓ ના નામ પરથી ઉષ્ટ્રાસન, સિંહાસન, માર્જરી આસન, પૌરાણિક પાત્રના નામ પરથી ધ્રુવાસન, વીરભદ્રાસન, હનુમાન આસન, મત્સ્યેન્દ્રાસન, અવતારના નામ પરથી કુર્માસન, મત્સ્યાસન વિગેરે છે.
યોગાભ્યાસની પૂર્વ તૈયારી : ૧). સાતથી આઠ કલાકની ઊંઘ, ૨). સ્વસ્છતા એટલે શારીરિક શૌચ–સ્નાન ભોજન : આસનનો અભ્યાસ ભૂખ્યા પેટે કરવો. પ્રવાહી લીધાના અડધા કલાક પછી કરી શકાય. નાસ્તો કર્યાના દોઢ કલાક બાદ કરી શકાય તથા મુખ્યા ભોજનના છ કલાક પછી કરી શકાય. આસનનો અભ્યાસ પૂરો કર્યાના અડધા કલાક પછી હલકું ભોજન લઇ શકાય.

**સ્થળ :** આસન કરવા માટેનું સ્થળ જંતુરહિત, શાંત, નિરવ, સ્વચ્છ હવા ઉજાસવાળું, એકાંતવાળું હોવું યોગ્ય છે. ખુલ્લી જગ્યામાં યોગ અભ્યાસ કરવો વર્જિત છે. તડકા માં આસન ન કરવા.
**પોષાક :** કપડાં ખુલ્લા, શરીરની હિલચાલમાં બાધા ન પહોંચાડે તેવા અને ગરદનને બંધ રાખે તેવા હોવા જોઇએ.

**પાથરવાનું આસન–મેટ :** શરીરની સાઈઝ પ્રમાણે આસન / મેટ હોવી જોઈએ.

**આસનના અભ્યાસ દરમિયાન રાખવાની સાવધાની :** આંખો તેમજ ચહેરા પરની રેખાઓને તંગ ન બનાવવી. શ્વાસ ઉચ્છવાસમાં બાધા ના પડે તેનું ધ્યાન રાખવું. શ્વાસ હંમેશા નાકથી જ લેવો. મોઢાથી નહીં. આસન દરમ્યાન શ્વાસને રોકવો નહીં. (પ્રાણાયમમાં યોગ શિક્ષકના માર્ગદર્શન હેઠળ શ્વાસ ને રોકી શકાય જેને કુંભક કહેવાય). શ્વાસની લયને ધ્યામાં રાખવી. આસનની આવશ્યકતા પ્રમાણે શ્વાસ–ઉચ્છવાસની લય બનાવવી. મળ મૂત્ર નો આવેગ રોકવો નહીં. શારીરિક ક્ષમતા અનુસાર આસનનો અભ્યાસ કરવો. શારીરિક રોગની હાજરીમાં મર્યાદાનો સ્વીકાર કરી યોગ અભ્યાસ કરવો.

ચાલો, તો હવે આસન અને વ્યાયામ વચ્ચેનો ફરક સમજીએ.

આસનની ત્રણ અવસ્થા હોય છે ચલ ભાગ, સ્થિર ભાગ અને સૂક્ષ્મ ભાગ હોય છે. આસન શરીરની સ્થિર એવમ સુખપૂર્વકની અવસ્થા હોય છે જ્યારે વ્યાયામ સ્નાયુબદ્ધ ક્રિયા અથવા શરીરની હિલચાલ હોય છે. આસન દરમ્યાન ૦.૮ થી ૩.૦ કિલો કેલેરી પ્રતિ મિનિટ વ્યય થાય થે જ્યારે વ્યાયામમાં ૨ થી ૧૪ કિલો કેલરી પ્રતિ મિનિટ વ્યય થાય છે. આસનના અભ્યાસથી શક્તિ, તાજગી તથા સ્ફૂર્તિનો અનુભવ થાય છે. જ્યારે વ્યાયામથી થાક તેમજ સ્નાયુઓની પીડાનો અનુભવ થાય છે. આસનમાં ચલ ભાગ ગૌણ અને સ્થિર ભાગ મુખ્ય હોય છે. જ્યારે વ્યાયામમાં ચલ ભાગ મુખ્ય અને સ્થિર ભાગ અલ્પ અથવા નહિવત હોય છે. આસન શ્વસન અને રુધિરાભિસરણની સાથે કરવામાં આવે છે જ્યારે વ્યાયામમાં આના અભાવને કારણે થાકની અનુભૂતિ થાય છે. આસન નો પ્રભાવ પુરા શરીર પર પડે છે જેમ કે ચેતાતંત્ર અંતઃસ્ત્રાવી તંત્ર અને પેટના અંદરના ભાગ પર પડે છે જ્યારે વ્યાયામની અસર સ્નાયુતંત્ર હૃદય તંત્ર અને શ્વસનતંત્ર સુધી મર્યાદિત રહે છે. આસનનો અભ્યાસ પ્રમુખતઃ આધ્યાત્મિક હોય છે જ્યારે વ્યાયામનું લક્ષ્ય શારીરિક બળ, સ્વાસ્થ્ય અને કૌશલ્ય પ્રાપ્તિ માટે હોય છે. આસન બિન સ્પર્ધાત્મક હોય છે જ્યારે વ્યાયામ મુખ્યત્વે સ્પર્ધાત્મક સ્વરૂપે જોવા મળે છે.

## સ્નેહલ શાહ



# We customise all kinds of outfits !





Sarees

Indo western

Evening Gowns

*Aura*
attire destination

Dresses

Chanya Choli

Kurti & Tunics

**DIMPLE SHAH | +91 8780705120**

**F-7, TAKSH COMPLEX || OPP IOCL PETROL PUMP, VASNA ROAD, VADODARA**

https://instagram.com/aura_attire?igshid=1a2o4so98db2y



# શ્રીમદ્ ભાગવત

શ્રીમદ્ શબ્દ માનવાચક છે. અલૌકિક માં વપરાય છે. શ્રીમદ્ એટલે પુણ્ય, પવિત્ર.
ભાગવત : ભગવાનની કથાઓ અને લીલાઓનું વર્ણન.
મનુષ્ય અવતાર ભગવાનને પ્રાપ્ત કરવા માટે છે. પરમાત્મા શ્રીકૃષ્ણના દર્શન કરવા માટે મનુષ્યનો જન્મ છે. પરમાત્માના દર્શન થવાથી જીવન સફળ બને છે અને શાંતિ પ્રાપ્ત થાય છે. નિર્ભય બને છે. દર્શનના ત્રણ પ્રકાર છે.
(૧) મંદિર અને મૂર્તિમાં પરમાત્માના દર્શન થાય તે સાધારણ દર્શન છે.
(૨) ઈશ્વરનું અપરોક્ષ દર્શન એ ઉત્તમ દર્શન છે.
(૩) સ્થાવર, જંગમ અને સર્વ મનુષ્યોમાં પરમાત્માના દર્શન કરો એ ઉત્તમ દર્શન છે.

આત્મ સ્વરૂપમાં દર્શન તે અપરોક્ષ દર્શન.
પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય ત્યારે જીવન સફળ બને છે. ઈશ્વર જ બધું છે. ઈશ્વર વિના કાંઈ નથી. હું પણ ઈશ્વરથી અલગ નથી એ ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર છે. જેને હું પોતે બ્રહ્મ છું એવું જ્ઞાન થાય તેને સાક્ષાત્કાર થયો તેમ કહેવાય. આત્મા સ્વરૂપમાં દર્શન કરનારને કોઈ દિવસ વિયોગ થતો નથી. ઈશ્વર સર્વવ્યાપક છે. જ્ઞાની પુરૂષને પોતાના સ્વરૂપમાં ભગવાન દેખાય છે. આજ અદ્વેત છે.

શ્રીકૃષ્ણ લીલા એટલા કરે માટે છે કે એ લીલાઓનું ચિંતન કરી ગોપીઓ પોતાના સ્વરૂપમાં પરમાત્માનો અનુભવ કરે. જેને પોતાની અંદર પરમાત્માના દર્શન થાય તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. આજ ભાગવતનું ફળ છે.

ભાગવત એ દર્શન શાસ્ત્ર છે.
ભાગવત સાંભળવાથી મનુષ્યનો સ્વભાવ સરળ બને છે. પોતાના દોષોનું દર્શન કરે છે. જાતને સુધારે છે. દ્રષ્ટિને દિવ્ય બનાવે છે. પરમાત્માના દર્શન કરવાનું સરળ સાધન ભાગવત છે. પરમાત્માના ત્રણ સ્વરૂપ સત, ચિત્ત અને આનંદ સત પ્રગટ રૂપે સર્વત્ર છે. ચિત – જ્ઞાન અને આનંદ અપ્રગટ છે. સત્ અને ચિત્તનો આવિર્ભાવ તે જીવ છે. એ જીવમાં બ્રહ્મને આનંદ અંશ નથી. આથી તેને સંસાર દશાનો અનુભવ થાય છે. જડ વસ્તુઓમાં સત્ છે પણ આનંદ નથી. જીવમાં સત્ચિત્ત છે પણ આનંદ નથી. આનંદરૂપ પરમાત્મા છે. પરમાત્મા માં એકરૂપ થાવ એટલે આનંદ મળશે. આનંદના બે પ્રકાર.
(૧) સાધન જન્ય આનંદ (૨) સ્વયંસિધ્ધ આનંદ
સાધનમાંથી પ્રાપ્ત થતો આનંદ ક્ષણિક હોય છે. પરમાત્મા શ્રીકૃષ્ણ પરિપૂર્ણ આનંદ રૂપ છે. જેનું જ્ઞાન નિત્ય ટકે તેને આનંદ મળે અને આનંદ રૂપ થાય માટે સચ્ચિદાનંદ નો આશ્રય લેવો જોઈએ. ઈશ્વર જ્યારે જીવને અપનાવી પોતાના સ્વરૂપનું દાન કરે છે. ત્યારે જીવ પરિપૂર્ણ થાય છે.
નર એ નારાયણનો અંશ છે. નારાયણ પરિપૂર્ણ છે. નારાયણ ને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન તે ભાગવત શાસ્ત્ર. નારાયણા માં લીન થવા માટે (૧) જ્ઞાન માર્ગ (૨) કર્મ માર્ગ અને (૩) ભક્તિ માર્ગ છે.
જ્ઞાન માર્ગ અતિ દુષ્કર છે. જ્ઞાનનો પાયો છે વૈરાગ્ય. મનુષ્ય કાંઈ છોડી શકતો નથી. ત્યાગી શકતો નથી. માટે કળિયુગમાં જ્ઞાન માર્ગથી ભગવદ્ પ્રાપ્તિ દુષ્કળ છે. માટે વ્યાસજી એ ભાગવત શાસ્ત્રની

રચના કરી છે. ભાગવત શાસ્ત્ર માર્ગદર્શન આપશે કે યોગીઓને જે આનંદ સમાધિમાં પ્રાપ્ત થાય છે. તે આનંદ તે તમે ઘરમાં રહીને મેળવી  શકશે. ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કરી શકો છો પરંતુ તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનવો જોઇએ.

ગોપીઓનો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બન્યો હતો. ગોપીઓની પ્રેમ લક્ષણા ભક્તિ એવી દિવ્ય છે કે, તેમને ઘરમાં રહેવા છતાં પ્રભુની પ્રાપ્તિ થઇ છે. જેમનું મન શ્રીકૃષ્ણમાં મળશે તે કૃષ્ણરૂપ થશે. ભાગવતમાં અલૌકિક ભક્તિ માર્ગનું વર્ણન છે.

સંસારના વિષયસુખમાં વૈરાગ્ય આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે તેજ ભાગવતની લીલાનો ઉદ્દેશ્ય છે. ભાગવત એટલે ભગવાનને મેળવવાનું સાધન. ભક્તિ જ્યાં બેસો ત્યાં થઇ શકે. ભક્તિ સતત કરો. હંમેશાં સાવધાન રહો કે, માયા સાથે સંબધ થાય નહીં. જીવ જે ક્રિયા કરે તે ઇશ્વર માટે કરે તો તેની પ્રત્યેક ક્રિયા ભક્તિ બને.

ભક્તિનો વિશેષ સંબંધ મન સાથે છે. માનસી સેવા શ્રેષ્ઠ છે. ભક્તિ માર્ગના આચાર્યો ગોપીઓ છે. જ્ઞાની અને યોગીને જે બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. તે આ જીવાત્માના પ્રાપ્ત થાય તે માટે ભાગવતની રચના કરેલ છે. આધ્યાત્મિક, આધિદૈવીક તથા આધિ ભૌતિક ત્રણે પ્રકારના તાથોનો નાશ કરનાર ભગવાન શ્રીકૃષ્ણ છે.

દુઃખ એ મનનો ધર્મ છે, આત્માના નથી. દુઃખમાં સાથ આપે તે ઇશ્વર, સુખમાં સાથ આપે તે જીવ, ઇશ્વરને પોકારતા જાવ મદદ તૈયાર છે.

ભગવાન ને હાથ જોડવા, મસ્તક નમાવવું એટલે શું ?
હાથ જોડલા એટલે મારા હાથે હું સત્કર્મ કરીશ. મસ્તક નમાવવું એટલે બુધ્ધિશક્તિ પ્રભુને અર્પણ કરવી અને વંદન કરવું અટલે ક્રિયા શક્તિ અને બુધ્ધિ શક્તિ ભગવાનને અર્પણ કરવી.  હૃદયથી વંદન કરવાથી ભગવાન સાથે બ્રહ્મ સંબંધ થાય છે. વંદન કરવાથી અભિમાનનો ભાર ઓછો થાય છે. ભાગવતનો આરંભ પણ વંદન થી થાય છે અને અંત પણ વંદનથી થાય છે.

મનુષ્યને કાળભીતિ હંમેશાં હોય છે. કાળનો નાશ કરી ભક્તિમય, પ્રેમમય જીવન ગાળે તો તે કાળ ઉપર વિજય મેળવી શકે છે. પરમાત્મા સાથે પ્રેમ કર્યા વગર કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર વગેરે જતા નથી. જેનો જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ એટલે પરમાત્માને જીવનનો હિસાબ આપવાનો પવિત્ર દિવસ. મરણને સુધારવું હોય તો આંખ, કાન, મન, ધન અને વાણીનો સદ્ઉપયોગ કરો. પ્રતિ ક્ષણે ઇશ્વરનું સ્મરણ કરો તો મૃત્યુ સુધરશે. જીવનમાં દૈન્ય ભાવ જાગશે અને પરમાત્મા પ્રસન્ન થશે. ભાગવતમાં જ્ઞાન યોગ, કર્મયોગ, સમાજ ધર્મ, સ્ત્રી ધર્મ, આપદ્ ધર્મ, રાજનીતિ વગેરેનું જ્ઞાન ભર્યું છે, જેનું શ્રવણ, મનન, કર્યા પછી કંઇજ જાણવાનું રહેતું નથી.

**જય શ્રી કૃષ્ણ**

વાસુદેવભાઇ એમ. શાહ
મો. : ૯૩૭૪૦ ૨૪૩૬૮

# urban
EYE WEAR



We are known for the quality and sophistication of our eyewear.

Come, check out our collection!



Hold the Vision & Trust the Process

9898140102 | 7227978099

Gf-4, Siddharth Excellence, Opposite Pancham Icon, Near D-mart, Vasna Road, Vadodara - 390007.

www.urbaneyewear.in
gurvish@gmail.com

# RADHE SERVICE CENTER

## SERVICES PROVIDED

- **Passport** Services
- **Aadhaar Card** Services
- **Pan Card** Services
- **Election Card (VOTER ID)** Services
- **Driving License** Services
- **Vehicle RC Book** Services
- **Ayushyaman Bharat Card**
- **PMSYM | E-SHRAM Card**
- **IRCTC, Air & Bus Ticket Booking**
- **EPFO (Employee's Provident Fund Organisation)** Services

IRCTC Authorized Agent

uti PAN SERVICE CENTRE

**CONTACT PERSON DEV SHAH**
**8488806656 | 9427477445**
**Email : devcreations910@gmail.com**

Add: RADHE STORES | 3, Bhagyodaya House, Opp. Old Krishna Cinema, Siddhnath Road, Khanderao Market, Vadodara-390001.

Mukesh Shah
Vishal
Chirag



M. 9427355789
9428305326
9033240216
Ph. : 0265-2410728

# Shree Nathji Sringar Centre

Vagha, Mukut, Puja Utencils, Shishsan, Palna/Jhula, Lalji, (Brass & Panchdhatu), Pavitra, Spatick & Rudraksh Mala, Yantra, Kalas, Nag, Ghant (Bell), Havankund, Nang of Gruh, Religious & Jyotis Books, Attar, Wooden Toys.

**Nr. Kalyanrayji's Temple, Sheth Seri, Bajwada, Vododadara - 01.**

Shree Nathji Srinagar Center

AUTH. DEALER OF :
Atlas Copco
ATLAS COPCO (INDIA) LTD.

# POWER ENGINEERS (GUJARAT)

**COMPRESSOR SALES, SERVICE & SPARES**





**SCREW AIR COMPRESSORS : 2 KW TO 1000 KW**
**RECIPROCATING AIR COMPRESSOR : 2 TO 10 H.P.**
**FILTERS, ELECTRONIC DRAINS (EWD), AIR RECEIVERS**

**C1-375/2, GIDC Makarpura, Vadodara-390 010.**
**Email : pegujarat@gmail.com**

| | |
|---|---|
| Mr. Bipin Patel | Mr. Hiren Saraiya |
| M.: +91 98253 15118 | M.: +91 93740 22851 |

# પુષ્ટિ પ્રશ્નાવલિ

૧. પ્ર. શ્રી યમુનાષ્ટકની રચના કોણે કરી ?

જ. શ્રી યમુનાષ્ટકની રચના શ્રીમદ્ શંકરાચાર્યજી, શ્રી મહાપ્રભુજી અને શ્રી દેવકીનંદનજી એ કરી.

૨. પ્ર. શ્રી મહાપ્રભુજી રચિત શ્રી યમુનાષ્ટકની શું વિશિષ્ટતા છે ?

જ. શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાજીનો સાક્ષાત્કાર કર્યો અને તેમની સન્મુખ ઊભા રહી તેમના સ્વરૂપ, ગુણ, રૂપ અને લીલાની સ્તુતિ કરેલ છે.

૩. પ્ર. શ્રી મહાપ્રભુજીએ યમુનાષ્ટક ગ્રંથની રચના ક્યાં અને ક્યારે કરી ?

જ. શ્રી મહાપ્રભુજીએ યમુનાષ્ટકની રચના ઇ.સ. ૧૫૪૯ માં શ્રાવણ સુદ ૩ (ત્રીજ) ના દિવસે ગોકુલમાં ઠકુરાણી ઘાટે કરી.

૪. પ્ર. શ્રી યમુનાજીનો અર્થ જણાવો ?

જ. યમુના = યમ + ઊના યમ એટલે મૃત્યુના દેવ યમરાજ અને ઊના એટલે નાની બેન. યમરાજની નાની બેન એટલે યમુના.

૫. પ્ર. પ્રથમ પરિક્રમા વખતે શ્રી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા ત્યારે શ્રી યમુનાજીના કિનારે શ્રી મહાપ્રભુજીને શી દ્વિધા થઇ ? તે દ્વિધા કોણે દૂર કરી ?

જ. શ્રી મહાપ્રભુજીને દ્વિધા થઈ કે સારસ્વતકલ્પમાં ગોવિંદઘાટ અને ઠકુરાણીઘાટ ક્યાં હતાં ? આ દ્વિધા શ્રી યમુનાજીએ પ્રગટ થઈને દૂર કરી.

૬. પ્ર. શ્રી યમુનાજીનું દિવ્ય સ્વરૂપ જોઈને શ્રી મહાપ્રભુજીએ શું કર્યું ?

જ. શ્રી યમુનાજીનું દિવ્ય સ્વરૂપ જોઈને શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાજીની ''સ્તુતિ'' કરી તે ''સ્તુતિ'' એજ ''યમુનાષ્ટક''.

૭. પ્ર. ષોડ્શગ્રંથ એટલે શું ?

જ. શ્રી મહાપ્રભુજીએ કરેલ યમુનાજીની સ્તુતિ, નિજ સેવકો તથા પોતાનાં સમાધાન માટે રચેલા ૧૬ સ્તોત્રોના સમૂહને ષોડશગ્રંથો કહે છે.

૮. પ્ર. 'શ્રી યમુનાષ્ટક' ષોડશગ્રંથનો ક્યો ગ્રંથ છે ?

જ. શ્રી યમુનાષ્ટક ષોડશગ્રંથનો પ્રથમ ગ્રંથ છે. તેથી તે ષોડશગ્રંથનું મંગલાચરણ છે.

૯. પ્ર. ''શ્રી યમુનાષ્ટક'' ષોડશગ્રંથનો પ્રથમ ગ્રંથ શા માટે છે.

જ. શ્રી યમુનાજીને શ્રી ઠાકોરજી અને શ્રી રાધાજી (યુગલ સ્વરૂપ) નો નિત્ય રોવોગ હોવાને કારણે ષોડશગ્રંથમાં પ્રથમ શ્રી યમુનાજીની ''સ્તુતિ'' એટલ કે ''શ્રી યમુનાષ્ટક''પ્રથમ લીધેલ છે.

૧૦. પ્ર. શ્રી ઠાકોરજીની નિત્યલીલામાં શ્રી યમુનાજીનું સ્થાન ક્યું છે ?

જ. શ્રી ઠાકોરજીની નિત્યલીલામાં શ્રી યમુનાજી શ્રી ઠાકોરજીના ચતુર્થપ્રિયા છે.

૧૧. પ્ર. શ્રી યમુનાષ્ટકની શ્રીમદ્ ભાગવતજીનાં ક્યા સ્કંધ સમાન ગણવામાં આવે છે ?

જ. શ્રી યમુનાષ્ટકને શ્રીમદ્ભાગવતજીના બીજા સ્કંધ (સાધનલીલા) સમાન ગણવામાં આવે છે.

૧૨. પ્ર. ''શ્રી યમુનાષ્ટક'' ગ્રંથના દેવતા કોણ છે ?

જ. ''શ્રી યમુનાષ્ટક'' ગ્રંથના દેવતા હરિપ્રિયા કલિન્દયા છે.

૧૩. પ્ર. ''શ્રી યમુનાષ્ટક'' ગ્રંથનું બીજ કયું છે ?

જ. ''શ્રી યમુનાષ્ટક'' ગ્રંથનું બીજ શ્રુતિફલ ''રસો વૈ સઃ'' છે.

૧૪. પ્ર. શ્રી યમુનાજી આધિદૈવિક સ્વરૂપે કયા ઘાટ પર પ્રગટ થયા હતાં ?

જ. શ્રી યમુનાજી આધિદૈવિક સ્વરૂપે શ્રાવણ સુદ ત્રીજે ગોકુળમાં ઠકુરાણી ઘાટ પ્રગટ થયા હતાં.

૧૫. પ્ર. ભૂતલ ઉપર શ્રી ઠાકોરજીના પ્રાગટ્ય પહેલાં શ્રી યમુનાજીનું પ્રાગટ્ય શા માટે થયું ?

જ. શ્રી ઠાકોરજીના પ્રાગટ્ય પહેલા યમુનાજીનું પ્રાગટ્ય થયું તે વિશે નંદદાસજી કહે છે કે ''નહ યમુને પ્રથમ આઇ, ભક્ત કે વૃત્તિ, સબ મનકે.

સંકલન કર્તા
મિનાક્ષી કે. શાહ

---

भूत से गभराता है, और चिंता भविष्य की करता है ।
ना जाने ये इनसान वर्तमान में क्यों नहीं जीता है ।

चाहिए उसे कि भूत को टटौले ।
दरवाजे दिल के हो या सोच के जो बंध हुए है उसे खोले ।।

भविष्य में है गर सकून और चैन पाना ।
वर्तमान मे जरुरी है कुछ बदलाव लाना ।।

गलतियाँ भूत की हमे जीना सीखा देंगी ।
गर वोंह दोहराई वर्तमान मे तो भविष्य की चिंता बढ़ा देंगी ।।

सीखो भूत से, संभलो वर्तमान में .... तो भविष्य सँवर जायेगा ।
भरोसा खुद पे हो अगर और साथ ईश्वर का हो .... काल जो भी हो ...
हमारा क्या बिगाड पायेगा ।।

- डॉ. जयेश परीख

# હરિનામ રસાયણ

( રાગ ખ્યાલી દેશી )

હરિનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહીં ;
નામ રટણનું ફલ નવ પામે, ને ભવરોગ ટળાય નહીં ;
પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા પરની થાવ નહીં ;
નિજવખાણ નહીં કરવાં નહીં સુણવાં, વ્યસન કશુંય કરાય નહીં ;
હરિજનને દૂભાવાય ન જરીએ, હરિજન નિંદા થાય નહીં ;
ખર આગળ હરિનામ તણા ગુણ, ભૂલ્યો પણ વર્ણાય નહીં ;
હરિહર માંહે ભેદ ગણીને વિર્તક વાદ વદાય નહીં ;
વેદ શાસ્ત્ર આચાર્યવરોનાં વચનો ઉલ્લંઘાય નહીં ;
નામતણા અતુલિત મહિમાને, વ્યર્થ વખાણ મનાય નહીં ;
છે હરિનામ હવે ડર શો, ઈમ જાણી પાપ કરાય નહીં ;
છે હરિનામ હવે ડર શો, ઈમ નિજકર્તવ્ય તજાય નહીં;
નિજ વર્ણાશ્રમ ધર્મ સાચવી, દૂર્જન સંગ તજાય નહીં ;
પરનારી માતા સમ લેખી, કદી કુદ્રષ્ટિ કરાય નહીં ;
ત્યમ પરધન પાષાણ ગણીને, મન અભિલાષ ધરાય નહીં ;
જીવ સકલ હરિના જાણીને, કશુંયે કષ્ટ અપાય નહીં ;
મન વાણી કાયાથી કોઈનું, કિંચિત્ કૂડું થાય નહીં ;
હું હરિનો, હરિ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહીં ;
જે હરિ કરશે તે મમહિતનું, એ નિશ્ચય બદલાય નહીં ;

## EFFECTIVE COMMUNICATION

Communication is one distinctive human characteristic that set a man apart from others in the animal kingdom.

## WHAT IS COMMUNICATION ?

We want our view point to be shared with other specially when we cannot meet each-other. we want to convey our message or opinion. Communication is the process by which we can achieve this. There are always two process parties required for this. One is the conveyer of the message or opinion and other one is the receiver. In the absence of either of them them there is no communication.

## WHAT IS EFFECTIVE COMMUNICATION ?

When the idea/opinion conveyed is accepted by the recipient adverbation (word to word), the aim is achieved and we can say that the communication is most effective and perfect.

### MODE OF COMMUNICATION :

- Talk in language known to person hearing.
- Use simple words and phrases.
- Use short sentences.
- Be sincere in talk - do not think others fool.
- Be to the point
- Keep an eye on the reaction of person hearing.

### WRITING MATTERS :

- Use simple language.
- Be clear in writing your views.
- Be short and to the point.
- Write on one topic at a time.

### READING :

- Read carefully from beginning to end.
- Note down important points.
- Use dictionary for clear understanding.

### AUDIO - VISUAL AIDS :

- Audio - Visual aids are more effective in conveying the message or idea quickly.
- Picture - Media is six time more effective in communication then words. The eye is more retentive than the ear.

GESTURE AND OBSERVANCE :

If you are participant in a group. You will know how to gesture the idea you have, so that the other person understants ir. Mostly the gesture is used along with the oral communication that is called the "Unspoken word". Sometime these gestures convey more than than the words and must be watched for and used to emphasise point.

SILENCE :

It is golden. It is rarely used, but when used it is very effective. One must know how to use as it will come only with experience.

**Now to sum up, ........**

**your communication must be,**

**Correct Clear Concise Courteous Complete.**

**RELAX | YOURSELF WITH THIS GAME.....**

Two of you may start speaking to one another. You must not use the words. I, Me, My, Mine. The person who uses one of these four words is out of the game. The winner will play the game with the third and so on till the final winner comers out. Both of you must speak and if you are silent for more then one minute both of you are out. Shall we start the game ? Yes, the royal WE is allowed, Good Luck !!!

Avoid Negativism in Commination : Few Tips

I can't remember names.
It is just no use.
I can't seem to get organised.
I can never afford the things I want.
No matter what I do, I can't seem to lose weight.
I just don't have the patience for that.
I get sick just thinking about it.
I don't have the energy I used to have.
Nobody wants to pay me what I'm Worth
Always freeze up in front of a group.
I just can't get with it today.
Why should I try ? It's not going to work.
You can't trust anyone anymore.
I never seem to get any place to time.
If only... on and on....

**D. P. Shah**

સંદેશો મારો પાનબઈને મોકલો ગંગાસતી.
મારો ય રુદિયો છે અલખનો ઓટલો ગંગાસતી.
મારો કરો સંગાથ બંધાય તમે જે ખીંટીએ,
લો ભેળવી દો વાળ બાંધો ચોટલો ગંગાસતી.
નોખા નથી ભાણા રહ્યા મારા સતી લો સંભાળો,
ચાખી લીધો એ લોટનો મેં રોટલો ગંગાસતી.
પિંજરનો પોપટ ઊડવા તૈયાર તોડીને હવે,
કાબૂ કરીને રાખવો છે દોયલો ગંગાસતી.
આવો પધારો હાથ મારો હાથમાં લઈ ચાલજો,
સંસર્ગથી થઇ જાય કંચન કોયલો ગંગાસતી.

---

પથ પર પ્રણયનાં જે ચલે આઠે પ્રહરની મોજ છે.
મંઝિલ મળે કે ના મળે લેવી સફરની મોજ છે.
શોધ્યું નથી તો પણ મને ક્યાંથી જડ્યું કારણ કહું ?
કારણ કશુંયે છે જ નહિ કારણ વગરની મોજ છે.
ઈચ્છા બધી ટોળે વળેલી, એમકદ તારો ખર્યો !
જોયા કર્યું માંગ્યા વિના કંઈ પણ, નજરની મોજ છે
મારા ઉપર કોની અછડતી આ નજર ભગવી પડી ?
અંદર હજી ઉતરી નથી આ તો ઉપરની મોજ છે.
કોને હતી એવી ખબર આવી થશે એની અસર ?
બેહોશ જેવી છે દશા તોયે અસરની મોજ છે.
માન્યું મને સારા દિવસની ખોટ તો કાયમ રહી,
વીતી રહી છે રાત, એ સુખની ખબરની મોજ છે.

**કવિતા શાહ**

# Generations Talk - સૂર્યથી કોટયર્ક સુધી !

બાલ્કનીમાંથી રોડ–શો જોયા પછી ઈશાન દોડતો જ ડ્રોંઈંગરૂમમાં દાદાજી પાસે આવીને પૂછે છે : ''દાદાજી, આ લોકો આપણા લાડીલા નેતા માટે ''જબ તક સૂરજ ચાંદ રહેગા..' એવું કેમ બોલતા હતા ?

દાદાજીએ એમના સ્વભાવ પ્રમાણે સીધો જવાબ આપના ને બદલે એક googly નાખી ! હસતા હસતા એને એક પઝલ પૂછી નાખી. '' સાંભળ, એક વૃદ્ધ માજી શેઠને ત્યાં હાઉસકીપિંગનુ કામ કરવા આવ્યા. શેઠે એને એના પગારની તારીખ પૂછી. એટલે માજી શેઠને કહે છે કે મને તમારા આ અંગ્રેજી મહિનામાં ખબર ના પડે. તમે મને દર પૂનમે પગાર આપજો. હવે તું કહે જોઉં, માજીને ફાયદો થશે કે નુકસાન ? તું એનો જવાબ google માંથી શોધજે !!!'' દાદા એ આગળ વાત ચલાવી : '' હવે મૂળ વાત ! સાંભળ ... દીકરા ! સૂર્ય અને ચંદ્ર એ આપણા પ્રત્યક્ષ દેવો છે. ''

ઈશાન દાદાને અટકાવીને એકશ્વાસે કહે : ''પણ, મારા ટીચર તો એમ કહે છે કે સૂર્ય એ તો એક સ્ટાર – તારો છે અને પૃથ્વી એની આસપાસ ફરે છે. એનો ગ્રેવિટેશનલ એટ્રેક્શન ફોર્સ ખૂબ છે ! અને એમાં તો દર સેકન્ડે ન્યુક્લિયર વિઘટન થઈને અબજો યુનિટ એનર્જી ઉત્પન્ન થાય છે ! વળી ચંદ્ર તો સાવ નાનકડો, પૃથ્વીનો ઉપગ્રહ છે એટલે તે પૃથ્વી ની આસપાસ ફરે છે !''

દાદા : ''તારી વાત'' સાચી છે ! બેટા ! આપણા શાસ્ત્રોમાં પણ સૂર્યને આદિત્ય કહ્યો છે ! અને એ શક્તિનો ખૂબ મોટો સ્ત્રોત છે ! ચાલ આજે તને એક નવી વાત કહું. તેં રામાયણ સિરીયલ જોઈ હતી કે નહીં ?

ઈશના : ''હા, દાદા ! કોરોનાના લોકડાઉનમાં મારું ઓનલાઈન સેશન પતાવીને, મેં તો હનુમાનજીના પરાક્રમો અને સામ રાવણના બધા જ ફાઈટિંગ સીન બહુ જ મજાથી જોયા હતા.''

દાદા : ''સરસ ! તો એ રામાયણમાં જ રામચંદ્ર ભગવાન જ્યારે રાવણ સામે યુદ્ધ લડતા લડતા હતાશ થઈ જાય છે કે ડિપ્રેશનમાં આવી જાય છે એ તને ખબર છે ? ''

ઈશાન : '' શું ? ભગવાન રામચંદ્ર ? અનો એ પણ ડિપ્રેશનમાં ! હતાશ ? ''

દાદા : હા ! બેટા અને ત્યારે અગસ્ત્ય ઋષિ.....

ઈશાન : ''અરે ! દાનવોને શોધવા પેલો આખો દરિયો પી ગયા હતા એ જ ને ? તમે ગયા વેકેશનમાં એની વાત કરી હતી !''

દાદા : હા બેટા ! બસ, એ જ અગસ્ત્ય ઋષિએ શ્રીરામને આપણા પ્રત્યક્ષ દેવ એવા સૂર્ય ભગવાનની સ્તુતિ કરવા માટે કહ્યું અને એ સ્તુતિ ''આદિત્ય હૃદય સ્તોત્ર'' તરીકે પ્રખ્યાત છે !

ઈશાન થોડીક વાર એના મોબાઈલમાં ખોવાઈ જાય છે. ''આ રહ્યું આદિત્ય હૃદય સ્તોત્ર ! (httpw//youtu.be/afdT_tkHWOE) અને આ ગીતા પ્રેસ ગોરખપુરની બુક ફક્ત ૫ રૂા. માં અવેલેબલ છે, જુઓ ! ''

દાદા : વાહ ! બેટા ! તે તો એકદમ મુદ્દાની વસ્તુ શોધી કાઢી !

ઈશાન હજુ એમાં ખોવાયેલો છે. ''હા દાદા, આ translation ની pdf પણ કોઈકે Google drive માં શેર કરી છે !''

Hindi
https://drive.google.com/uc?export=download&id=1tfy6BtlVIKNSDRlplxl_PKkjixhxZlGEe:
English :
https://drive.google.com/uc?export=download&id=13al5E7mVO3hQs_Rz8SS3ai-kmJcXzNGS

એમાં તો દરેક શ્લોકનું English Translation પણ આપેલું છે ! તમે કહ્યું તે પણ એમાં પહેલા જ શ્લોકમાં લખેલું જ છે ततो युद्ध परिश्रान्तं, समरे चिंतया स्थिम् !

Beholding Sri Rama, standing absordeb in deep thought on the battle field, exhausted by the fight and facing Ravana.... !

દાદા : સાચી વાત ! હવે તું વિચાર ! સૂર્ય એ કેટલા મોટા અને શક્તિશાળી દેવ છે !
ઈશાન : અને દાદા, આ સ્તોત્રમાં તો સૂર્યના કેટલા બધા નામ છે ! ને વળી બધાજ નામમાં એમની એક શક્તિનું વર્ણન છે !
દાદા : વાહ, બેટા ! તું બહું ઝડપથી મારી કહેવાની વાત ને સમજી ગયો ! આપણા બધા જ સ્તોત્ર હકીક્તમાં તે ઈશ્વરના કે દેવના ગુણોનું જ વર્ણન છે અને એમની શક્તિઓનું જ સ્મરણ છે ! એનો સતત પાઠ કરીને ઉચ્ચાર કરીને બોલવાથી એ જ ગુણોની અસર, દિવ્ય શક્તિ આપણા પોતાના મનને અનેતેથી જીવનને પણ પ્રભાવિત કરે છે ! અત્યારના આધુનિક Western Psychologists દ્વારા સૂચવતી Auto Suggestion Therapy માં આવી જ કાંઇક વાત કરે છે ! અને જો ! ભગવાન રામચંદ્ર પણ છેલ્લા શ્લોકમાં બધી જ નિરાશાને ખંખેરીને ફરીથી ઉત્સાહપૂર્વક રાવણનો વધ કરવા કેવા તૈયાર થઇ જાય છે. !
ઈશાન : બિલકુલ સાચી વાત ! મને પણ હવે જ્યારે સહેજ પણ હતાશા કે ડિપ્રેશન આવશે ત્યારે હું સૂર્યની સામું જોઇને pdf ખોલીને વાંચી લઇશ !
દાદા : શાબાશ, બેટા ! સરસ ! હવે તને એક બીજી પણ વાત કહી દઉં ! ચાલ, આપણી ખડાયતા જ્ઞાતિના ઈષ્ટદેવ કોણ છે બોલ જોંઉ ?
ઈશાનઃ“અરે, હા તમે મને પેલી નડિયાદ ખડાયતા ઉદયની પહેલા અંકની પીડીએફ મોકલી જ હતી ને ?” એના ફ્રન્ટ પેજ પર એમનો ફોટો છે તે ! જય કોટયર્ક !
દાદાઃ વાહ ! તારી મેમરી બહુ શાર્પ છે ને ! હવે તને બીજી એક વાત કહું. આ કોટયર્ક શબ્દનો અર્થ તને ખબર છે ?
ઈશાન : દાદા ! સમજાવોને !
દાદા : “કોટયર્ક” શબ્દ એ બે શબ્દોના જોડાણથી બનેલો છે : કોટિ અને અર્ક ! હવે 'કોટિ' નો અર્થ થાયઃ કરોડ ! Crore i.e. 10 millon અને 'અર્ક' એટલે સૂર્ય !

ઈશાન : Wow ! એક કરોડ, you mean, 10 million, સૂર્ય !

દાદા : યસ બેટા ! આપણા કોટયર્ક ઈષ્ટદેવ ! તેમું તેજ અને શક્તિ ૧ કરોડ સૂર્ય સમાન છે ! આપણી જ્ઞાતિ પર એમની દિવ્ય ચેતના અને શક્તિઓનો અઢળક પ્રભાવ અને એમના આશીર્વાદ આપણા ઉપર સતત છે !

ઈશાન : વાહ ! દાદા ! આજે તો તમે મને સૂર્ય અને કોટયર્ક દેવ – બંને વિશે કેટલી સરસ સમજણ આપી ! હવે દિવાળી પછી મને સ્પેશિયલ ફેસ્ટિવલ આવે ત્યારે મને મહુડી કોટયર્ક જરૂરી લઈ જજો ! દાદા કારતક સુદી બારશ એ આપણા ઈષ્ટદેવ કોટયર્ક પ્રભુનો પ્રાગટ્ય દિવસ છે. એ લગભગ નવેમ્બર માસમાં આવે ! અને આપણે તો અહીં પણ એની ઉજવણી કરીએ જ છીએ ને !

ઈશાન (માથું ખંજવાળતા) : પાછું આ બારશ અને નવેમ્બર એ પણ તમારે સમજાવવું જ પડશે મને ! અને હા, પછી પૂનમના પગાર વાળી વાત ને પણ આની સાથે કંઈક સંબધ હોય એવું લાગે છે !

દાદા : હા બેટા ! સૂર્ય અને ચંદ્ર એ આપણા કેલેન્ડર પંચાગના પણ આધાર છે અને આપણું પંચાગ સૌરવર્ષ આધારિત પંચાગ છે. એના વિશે હું તને ફરી ક્યારેક વાત કરીશ. ચાલો, હવે દાદીમા એ પૂજા કરી લીધી છે, અને પ્રસાદ લેવા આપણને બોલાવે છે !

ઈશાન : ''પણ પ્રોમિસ ! હોં દાદા ! પેલી પઝલ અને સુદી વદી અને આપણા તહેવારોના પંચાગ વિશે તમારે ફરીથી સમજાવવું પડશે !''

દાદા : ચોક્કસ દીકરા ! ફરીથી મળીશું ! જય કોટયર્ક ! જય શ્રી કૃષ્ણ !


રાજેન્દ્ર રસિકલાલ શાહ 'સ્વપ્નિલ'

M : 99099 22398




# સફર બહુ જ ટૂંકી છે.

એક મહિલા બસમાં ચઢી અને એક માણસની બાજુમાં બેઠી, મહિલાના હાથમાં થોડોક સામાન અને એક મોટી બેગ હતી. એ સામાન ભરેલી બેગ બાજુમાં બેઠેલા માણસ ને વાગી. તે માણસ મૌન રહ્યો. મહિલાએ તેની માફી માગતાં પૂછ્યું કે મારી બેગી થી તમને વાગ્યું તો પણ તમે ફરિયાદ કે ગુસ્સો કેમ ન કર્યો ? તમારા ચહેરા ઉપર અણગમો પણ ન દેખાયો !

પેલા માણસે સ્મિત સાથે જવાબ આપ્યો : 'આટલી નજીવી બાબતને ધ્યાન પર લઈને અસ્વસ્થ થવાની કોઈ જરૂર નથી, કારણ કે...
આપણી આ સાથોસાથની મુસાફરી ખૂબ ટૂંકી છે... હું આગલા સ્ટોપ પર ઉતરી જવાનો છું.

સહપ્રવાસીના આ જવાબથી સ્ત્રી આશ્ચર્યચકિત થઈ ગઈ અને કહ્યું કે તમારા આ શબ્દો તો સોનાથી મઢવા જોઈએ.

આ જગતમાં આપણી પાસે નો સમય એટલો ઓછો છે કે તેને ...
નકામી દલીલો, એકબીજા ને લડાવી મારવાની વૃત્તિ, ઈર્ષ્યા, બીજાઓને માફ ન કરવા ની જીદ્દ, અસંતોષ આવું બધું કરી ખરાબ વલણથી જીવનમાં અંધારૂં કરવું એ સમય અને શક્તિનો હાસ્યાસ્પદ બગાડ છે.

શું કોઈએ તમારૂં હૃદય તોડ્યું છે ? શાંત રહો
**સફર બહુ ટૂંકી છે**

શું કોઈએ તમારી સાથે દગો કર્યો, ધંધામાં છેતર્યા, ડરાવ્યા, કે અપમાન કર્યું ? શાંત રહો આરામ કરો – તણાવમાં ન રહો...
**સફર ખૂબ ટૂંકી છે.**

શું કોઈએ કારણ વગર તમારૂં અપમાન કર્યું છે ? શાંત રહો, તેને અવગણો,
**સફર ખૂબ ટૂંકી છે.**

શું કોઈએ એવી ટિપ્પણી કરી છે જે તમને ગમતી નથી ? ઉશ્કેરી રહી છે. શાંત રહો, તેને અવગણો. ક્ષમા કરો, તેમને તમારી પ્રાર્થનામાં યાદ રાખો અને તેમને કોઈ કારણ વગર પ્રેમ કરો.
**સફર બહુ ટૂંકી છે**

કોઈક આપણી સમક્ષ ગમે તેટલી સમસ્યાઓ ઊભી કરે, પણ જો આપણે તેનો વિચાર કરીએ તો જ તે સમસ્યા છે, તે યાદ રાખો
**આપણા સંગાથની સફર બહુ ટૂંકી છે.**

આપણી સફર કેટલી લાંબી છે એ કોઈને ખબર નથી. કાલ કોણે જોઈ છે ? કોઈ ક્યારે, ક્યા સ્ટોપ પર ઉતરી જશે તેની કોઈને ખબર નથી.
**આપણી સફર બહુ ટૂંકી છે !**

આપણે સૌ નાખી દેવા જેવી, નજીવી બાબતોને માટે કેટલા બધા ઉશ્કેરાઈ જઈએ છીએ... શાંત રહીએ...
**સફર બહુ જ ટૂંકી છે.**

**Shared By Chetak Gandhi**

## SP. PATRON MEMBERSHIP (Rs. 11,000)

1. NIMESH C. SHAH
2. BAKUL VAKIL
3. PRITESH P. SHAH (UPGRADED FROM PATRON)
4. GAURANG SHAH

## PATRON MEMBERSHIP (Rs. 5,000)

1. ARUNKUMAR N. SHAH

## VOLUNTARY DONATION MEMBERS

| | | |
|---|---|---|
| 1. | BHAVINI GAURANG SHAH | Rs. 2,800/- |
| 2. | MAHENDRABHAI SHAH | Rs. 2,000/- |
| 3. | MIHIR SHAH | Rs. 5,000/- |
| 4. | DEVILABEN TALATI | Rs. 4,000/- |
| 5. | RAJIV SHAH | Rs. 2,500/- |

## LIFE TIME MEMBERSHIP (Rs. 1,500)

1. NARESH NATVARLAL SHAH
2. DHARMESH HARSHADBHAI SHAH
3. KUNAL INDRAVADAN SHAH
4. KRUNALKUMAR DIPENDRAKUMAR SHAH
5. JALPEN N. KASARWALA
6. DR. JAYESH PARIKH
7. NAIMISH PARIKH
8. KETAN VAKIL
9. AMIT VAKIL
10. PRERAK SHAH
11. SACHIN PARIKH
12. DR. NISHIT D. PAREKH
13. NIMIT ROHITBHAI VAKIL
14. VIHANG AKHILESHBHAI SHAH

# -: સભ્ય ફી ભંડોળ :-

પૂર્વ અંકમાં જણાવ્યા પ્રમાણે સભ્યોએ પોતાનું સભ્ય પદ નવા પદ પ્રમાણે રીન્યુ / અપગ્રેડ કરી સંસ્થાને આર્થિક રીતે મજબુત બનાવવા ના પ્રયત્નો હાથ પર ધરી દીધા છે. ભુતકાળમાં આજીવન સભ્ય પદ અને પેટ્રન પદ ની ફી માં વધારો મંજુર કરેલ હતો તે પ્રમાણે આપણું કાયમી ભંડોળ વધારવા માટે સ્પેશીયલ પેટ્રન રૂા. ૧૧૦૦૦/– તથા ડોનર મેમ્બરશીપ રૂા. ૨૧૦૦૦/– માટે મિટીંગમાં મહોર મારી નક્કી કરી આજના સમયની માંગ પુરી કરેલ છે.

| સભ્યપદ | રૂા. |
|---|---|
| આજીવન સભ્યપદ | ૧૫૦૦/– |
| પેટ્રન સભ્યપદ | ૫૦૦૦/– |
| સ્પેશીયલ પેટ્રન સભ્યપદ | ૧૧૦૦૦/– |
| ડોનર મેમ્બરપદ | ૨૧૦૦૦/– |

અમારા આહવાનને આપણા સભ્યોએ સહજ રીતે વધાવી આપણા સમાજમાં કાયમી ભંડોળનો વધારો કરવાની હાકલમાં તાબડતોબ સહકાર આપીને મોમ્બરશીપ એનરોલ કરી તે સભ્યોનો આ તબક્કે હું ખુબજ આભાર માનું છું. આવો આપણે સૌ આજ રીતે સાથે મળીને સમાજના કાયમી ભંડોળને વધારવા માટે કટિબધ્ધ થઈએ.

# Online Yoga Class Free For NKS Members on Dt. 26/06/2022

**Snehal Shah Yoga Tutor & Dr. Parthvi Rajesh Bhai Shah As Demonstrator.**



# INDEPENDANCE DAY CELEBRATION












# જન્માષ્ટમી ની ઉજવણી











# પ્રેસીડન્સી ક્લબ ખાતે યોજાયેલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ના સંભારણા



તમામ ટીમ



પુરૂષ વિજેતા ટીમ

**NKS SUPER WARRIORS**



પુરૂષ ક્રીકેટ મેચ નો ટોસ



"નડિયાદ ખડાયતા ઉદય"
અનાવરણ



મેચની મજા માણતા જ્ઞાતિજનો



ઈનામો

# પ્રેસીડન્સી ક્લબ ખાતે યોજાયેલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ના સંભારણા

## ‘‘ઔરા ક્વિન્સ’’ લેડીઝ વિજેતા ટીમ










# NAVRATRI 2022

## Enjoyed Garba & Aarti At Vrajdhan Haveli - Manjalpur On 27/9/2022. Our President Mitesh Shah & Dimple Shah Did Aarti With Nks Members



















Gujarati Movie Star Cast

# ઉપપ્રમુખ શ્રી ચેતક ગાંધી દ્વારા પ્રાયોજીત ગુજરાતી ફિલ્મ GJ TO NJ નું જ્ઞાતિજનો માટે ફ્રિ સ્ક્રીનીંગ



ફિલ્મ યુનિટ તથા કલાકારો ને આવકારતા સમિતી ના સભ્યો



ફિલ્મ કલાકારો સાથે જ્ઞાતિજનો







જ્ઞાતિ સમિતિ સભ્યોનું સન્માન કરતા ફિલ્મના મુખ્ય અદાકારો





ફિલ્મના મુખ્ય અદાકારો સાથે જ્ઞાતિ સભ્યોના સંભારણા




## શહેરમાં નડીયાદ ખડાયતા સમાજના સભ્યોએ ફિલ્મ નિહાળી



નડીયાદ ખડાયતા સમાજ વડોદરાના પ્રમુખ મિતેષ વાસુદેવ શાહ અને ઉપપ્રમુખ ચેતક ગાંધી દ્વારા હાલમાં જ રીલીઝ થયેલુ ગુજરાતી ચલચીત્ર ગુજરાતથી ન્યુજર્સી ( જીજે ટુ એન જે ) સમાજના સભ્યો તથા તેમના પરિવાર જનોને વિનામૂલ્યે ફીલ્મના પ્રમોશન માટે બતાવવાનું આયોજન કરાયુ હતુ. સમાજના સભ્યોએ આ ચલચિત્ર તેના કલાકારો જીતેશ, પંકિત અને નિસર્ગ તેમજ તેના પ્રોડ્યૂસર અને રાઈટર પ્રણવ પટેલ, નાગેશ પાઠક સાથેની ટીમ જોડે રાજહંસ સિનેમામાં માણ્યુ હતુ. સમાજના આશરે ૨૫૦ જેટલા સભ્યો જોડાયા હતા.

પ્રાદેશીક ન્યુઝ ચેનલ તથા અખબાર માં લેવામાં આવેલ નોંધ ની ઝલક

# CRICKET MATCH









